# ભારતીય જનતા પાર્ટી

ગુજરાત પ્રદેશ

પં. દીનદયાલ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com

પ્રેસનોટ તા.૦૨/૦૭/૨૦૦૯

## બજેટ પહેલા પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારીને ગરીબ અને મધ્યમવર્ગના ઘરના બજેટને અસ્ત વ્યસ્ત કરી દીધુ છે - શ્રી આઈ.કે. જાડેજા

ભાજપના પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે.જાડેજાએ કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ અને ડીઝલમાં કરેલ અસહ્ય ભાવ વધારાને સખત શબ્દોમાં વખોડી કાઢ્યો છે. કેન્દ્ર સરકાર ગરીબ અને મધ્યમ વર્ગના લોકો ઉપર આ ત્રાસદાયક ભાવવધારાને લીધે મોંઘવારીનો માર ઝીલી રહેલા ભારતના આમ આદમી ઉપર વધુ બોજ નાંખીને તેની કમર તોડી નાખી છે. કોંગ્રેસની કેન્દ્ર સરકારે પ્રથમ સો દિવસમાં ચૂંટણીમાં આપેલા વચનો પુરા કરવાની વાત તો બાજુ ઉપર મુકીને આમઆદમીને પેટ્રોલ - ડીઝલના ભાવ વધારાની ભેટ આપી છે.

કેન્દ્રના પેટ્રોલીયમ મંત્રી શ્રી મુરલી દેવરા દેશની પ્રજા ઉપર ત્રાસ ગુજારતા હોય તેવી પ્રતિતિ થાય છે. બજેટ પહેલા પેટ્રોલ - ડીઝલનો ભાવ વધારીને ગરીબ અને મધ્યમવર્ગના ઘરના બજેટને અસ્તવ્યસ્ત કરી દીધુ છે. કોંગ્રેસની કેન્દ્ર સરકારને ભારતના આમઆદમીની કોઈ પરવા નથી તેવી મનોદશા આ અસહ્ય ભાવ વધારાથી છતી થાય છે.

અંતમાં શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યુ છે કે ગુજરાત ભાજપા દ્વારા જીલ્લા અને શહેરી મંડળ વિસ્તારોમાં આ અસહ્ય ભાવવધારાના વિરોધમાં આવતીકાલ તા.૦૩-૦૭-૨૦૦૯ના રોજ દેખાવો યોજીને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવશે.